# પ્રધાનમંત્રીએ ભૂટાનના પ્રધાનમંત્રીની મુલાકાત લીધી

15 માર્ચ, 2024

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 14 માર્ચ 2024ના રોજ નવી દિલ્હીમાં ભૂટાનના પ્રધાનમંત્રી મહામહિમ દાશો શેરિંગ તોબગેને મળ્યા હતા.

વડા પ્રધાન શેરિંગ તોબગે ભારતની સત્તાવાર મુલાકાતે છે. ફેબ્રુઆરી 2024 માં તેમણે પદ સંભાળ્યા પછી તેમની આ પ્રથમ વિદેશ મુલાકાત છે.

બંને નેતાઓએ દ્વિપક્ષીય ભાગીદારીના વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરી, જેમાં માળખાકીય વિકાસ, કનેક્ટિવિટી, ઉર્જા, હાઇડ્રોપાવર બાબતે સહકાર, લોકો વચ્ચે આદાન-પ્રદાન અને વિકાસ અંગે સહયોગનો સમાવેશ થાય છે. તેમણે ભારત-ભૂટાનની વિશેષ અને અજોડ મિત્રતાને વધુ મજબૂત કરવા માટે પોતાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.

ભૂટાનના પ્રધાનમંત્રીએ ભૂટાનની વિકાસલક્ષી પ્રાથમિકતાઓમાં વિશ્વસનીય, વિશ્વાસપાત્ર અને મૂલ્યવાન ભાગીદાર તરીકે ભારતની ભૂમિકા માટે ઊંડી પ્રશંસા વ્યક્ત કરી હતી.

ભૂટાનના રાજા મહામહિમ વતી, પીએમ શેરિંગ તોબગેએ પ્રધાનમંત્રી મોદીને આવતા અઠવાડિયે ભૂટાનની મુલાકાતે પધારવાનું આપ્યું. પ્રધાનમંત્રીએ આમંત્રણની સ્વીકાર કર્યો.

**નવી દિલ્હી**
**15 માર્ચ, 2024**